# ***હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ***

## ***ભરતી માટેની પરીક્ષાલક્ષી અગત્યની સુચનાઓ – ૨૦૧૭–૧૮***

૧. એકઝામિનેશન હોલ ટિકિટ વગર ઉમેદવારને પરીક્ષાખંડમાં પ્રવેશ મળશે નહિં. હોલ ટીકીટ તા.૨૪–૧–૧૮ બાદ કાઢી શકાશે યુનિ. વેબસાઈટ www.ngu.ac.in

૨. ઉમેદવારે પરીક્ષાના દિવસે પરીક્ષા ખંડમાં એકઝામિનેશન હોલ ટિકિટ તથા એક વધારાનો ફોટો ઓળખપત્ર જેમ કે, ઉમેદવારનું ડ્રાઈવિંગ લાયસન્સ , કોલેજ / યુનિવર્સિટીનું ઓળખપત્ર, ચૂંટણી કાર્ડ, PAN કાર્ડ, અથવા આધાર કાર્ડ પોતાની સાથે રાખવું. હોલ ટિકિટ ધરાવતા ન હોય તેવા કોઈપણ ઉમેદવારને પરીક્ષા આપવા દેવામાં આવશે નહિ.

૩. બેઠક વ્યવસ્થા / પરીક્ષા સ્થળ વિષેની જાણકારી યુનિવર્સિટી વેબસાઈટ પરથી નોંધી લેવાની જવાબદારી માત્ર ને માત્ર ઉમેદવારની પોતાની રહેશે. ***પરીક્ષા બાદની કાર્યવાહી માટે પણ યુનિવર્સિટીની વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું. તે ઉમેદવારની જવાબદારી રહેશે.*** પરીક્ષા સ્થળ ***નોર્થ ગુજરાત એજયુકેશન સોસાયટી*** કોલેજ કેમ્પસ, પાટણ રહેશે.

૪. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને પરીક્ષાના સંતોષકારક આયોજન અર્થે પરીક્ષા કેન્દ્ર / સ્થળના મુખ્ય પ્રવેશદ્વાર આગળ ઉમેદવારોની સઘન ચકાસણીની કાર્યવાહી કરવામાં આવશે. દરેક ઉમેદવારે આ માટે પરીક્ષા શરૂ થવાની ૬૦ મિનિટ પહેલાં પરીક્ષા કેન્દ્ર / સ્થળ પર હાજર થઈ જવાનું રહેશે. અને આ ચકાસણીમાં નિરીક્ષકો તથા અન્ય પરીક્ષાકર્મીઓને સહકાર આપવાનો રહેશે. પરીક્ષા શરૂ થઈ ગયા બાદ કોઈપણ ઉમેદવારને પરીક્ષા કેન્દ્ર / પરીક્ષાખંડમાં પ્રવેશવા દેવામાં આવશે નહિં.

૫. પરીક્ષા દરમ્યાન કોઈપણ ઉમેદવારને કોઈપણ સંજોગોમાં પરીક્ષા કેન્દ્ર / પરીક્ષા ખંડમાંથી બહાર જવા દેવા કે પરીક્ષા કેન્દ્ર / પરીક્ષા ખંડ છોડી જવા પરવાનગી આપવામાં આવશે નહિં.

૬. પરીક્ષા ખંડમાં કેલ્કયુલેટર અથવા લોગ ટેબલનો વપરાશ કરી શકાશે નહી.

૭. મોબાઈલ ફોન, અન્ય કોઈપણ ઈલેકટ્રોનિક ઉપકરણો તથા પુસ્તક, નોટબુક, બ્લુટુથ ડિવાઈસ,ઈયરફોન હેડફોન , પેનડ્રાઈવ , ટેબલેટ, કાગળના ટુકડા વગેરે પરીક્ષા કેન્દ્ર / પરીક્ષા ખંડમાં લાવવાની મનાઈ છે. પરીક્ષા કેન્દ્ર / પરીક્ષાખંડમાં જો કોઈ ઉમેદવાર પાસે આ પ્રકારની કોઈપણ વસ્તુ મળી આવશે તો તે ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે એમ ગણવામાં આવશે. તેમનું પરિણામ જાહેર કરવામાં આવશે નહિ.

૮. મોબાઈલ તથા અન્ય કોઈ પણ વસ્તુ મૂકવા માટે ***કલોક રૂમની વ્યવસ્થા યુનિવર્સિટી*** તરફથી કરવામાં આવશે નહિ.

૯. દરેક ઉમેદવારે પરીક્ષા ખંડમાં નિરીક્ષક દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે અને નિરીક્ષક કે પરીક્ષાની અન્ય કામગીરી કરી રહેલ પરીક્ષા કર્મી સાથે કોઈપણ પ્રકારની દલીલ કે તકરાર કરવી નહિં. સૂચનાઓનું પાલન ન કરનાર ઉમદેવારે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે એમ ગણવામાં આવશે અને તેમનું પરીણામ જાહેર કરવામાં આવશે નહિ.

૧૦. પરીક્ષા ખંડમાં પરીક્ષા દરમ્યાન ઉમેદવારે અન્ય ઉમેદવારો સાથે વાતચીત કરવી નહિ કે અન્ય કોઈપણ બાબત અંગે ચર્ચા કરવી નહિ. ઉમેદવારે પરીક્ષા દરમ્યાન પરીક્ષાખંડમાં સંપૂર્ણ શાંતિ જાળવી રાખવી તથા અન્ય ઉમેદવારોને હેરાનગતિ / કનડગત કરવી નહિં. આમ કરનાર ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે એમ ગણવામાં આવશે અને તેમનું પરિણામ જાહેર કરવામાં આવશે નહિ.

૧૧. ઉમેદવારને પ્રશ્નોના ઉત્તર આપવામાં અલગથી OMR Sheet આપવામાં આવશે. તે કોઈપણ સંજોગોમાં બદલી આપવામાં આવશે નહિ. OMR ડુપ્લીકેટ કોપીમાં છેલ્લે પત્તે હશે. જે કોપી ઉમેદવાર પરીક્ષા પૂર્ણ થયેથી પોતાની સાથે લઈ જઈ શકશે. પ્રશ્નપત્ર પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર લઈ જઈ શકશે.

૧૨. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણ મૂલ્યાંકન પધ્ધતિ અમલમાં છે. જે જાહેરાતની સૂચનામાં દર્શાવેલ છે.

૧૩. OMRમાં એક કરતાં વધારે જવાબો ટીક કર્યા હશે તો એક પણ જવાબ માન્ય રાખવામાં આવશે નહિ અને કોઈપણ ભૂલ સુધારવા માટે વ્હાઈટનરનો ઉપયોગ માન્ય ગણવામાં આવશે નહિં.

૧૪. OMRમાં જવાબો ફરજિયાતપણે <u>બ્લ્યુ</u> અથવા <u>કાળી સહીથી</u> કરવાના રહેશે.

૧૫. OMR Sheetમાં પ્રશ્નનો સાચો ઉત્તર સ્પષ્ટપણે આખું ટપકું ભરાઈ જાય તે રીતે કરવાનું રહેશે. અધૂરું અથવા સર્કલની બહાર નીકળી ગયેલો કોઈપણ જવાબ કોઈપણ સંજોગોમાં સાચો માનવામાં આવશે નહિ.

(દાત. A. B. C. D. )

૧૬. વિદ્યાર્થીના કોઈપણ પ્રકારના કિંમતી સામાન માટે પરીક્ષા એકમની કોઈપણ જવાબદારી રહેશે નહિં.

૧૭. પરીક્ષાના દિવસે સવારે ૧૦.૦૦ કલાકે પરીક્ષાખંડમાં વિદ્યાર્થીએ બેસી જવાનું રહેશે ત્યારબાદ હાજરી વગેરેની પ્રક્રિયા પૂર્ણ થયા પછી ૧૧–૦૦ કલાકે ઉત્તરો લખવાની શરૂઆત કરવા દેવામાં આવશે.

૧૮. પરીક્ષા સમયે જે પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તે અંગે પરીક્ષા સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૧૯. એકાઉન્ટ, ડેપ્યુટી એકાઉન્ટની પરીક્ષાનો સમય બપોરે ૨–૦૦ વાગે રહેશે.

૨૦. જૂનીયર કલાર્ક, પી.એ.ટુ આર., ટાઈપીસ્ટની પરીક્ષાનો સમય સવારે ૧૦–૦૦ વાગે રહેશે.

૨૧. ધુમ્રપાન/ચા/કોફી જેવા કોઈપણ પ્રકારનાં પીણા પરીક્ષાખંડમાં નિષેધ છે.

૨૨ ઉમેદવારને કોઈપણ પ્રકારનું TA/DA આપવામાં આવશે નહી.